Smart SERIES

B

પ્રથમ અને દ્વિતીય સત્ર માટે

# માસવાર અભ્યાસક્રમ

## (વાર્ષિક આયોજન)

NAVNEET

નવનીત એજ્યુકેશન લિમિટેડ

નવનીત હાઉસ, ગુરુકુળ રોડ, મેમનગર,
અમદાવાદ – ૩૮૦ ૦૫૨. ફોન : ૬૬૩૦ ૫૦૦૦

N 2001

# વિકાસ મૂલ્યાંકન યોજના : B(બાળમંદિર)થી 5

## પ્રથમ અને દ્વિતીય સત્ર માટે

| વિષયો ➜<br>ધોરણ ➜ | મુખ્ય<br>જુનિ./સિનિ. | મુખ્ય<br>1થી 5 | हिन्दी<br>1થી 4 | English<br>1 અને 2 | કમ્પ્યૂટર<br>4 અને 5 | સા. જ્ઞાન<br>1થી 5 |
|---|---|---|---|---|---|---|
| ઔપચારિક લેખિત મૂલ્યાંકન | 40 | 40 | 40 | 40 | 40 | 40 |
| અનૌપચારિક મૂલ્યાંકન | – | 40 | – | – | – | – |
| આંતરિક / પ્રૅક્ટિકલ | 10 | 20 | 10 | 10 | 10 | 10 |
| કુલ ગુણ | **50** | **100** | **50** | **50** | **50** | **50** |

## દ્વિતીય સત્ર માટે

| વિષયો ➜<br>ધોરણ ➜ | ચિત્રકલા<br>B / C | ચિત્રકલા<br>1થી 5 | કમ્પ્યૂટર<br>1થી 3 |
|---|---|---|---|
| ઔપચારિક લેખિત મૂલ્યાંકન | 40 | 80 | 25 |
| અનૌપચારિક મૂલ્યાંકન | – | – | – |
| આંતરિક / પ્રૅક્ટિકલ | 10 | 20 | 25 |
| કુલ ગુણ | **50** | **100** | **50** |

| | |
|---|---|
| પૂરક મૂલ્યાંકન<br>1 અને 2<br>(40 – 40 માર્ક્સ) | ➜ મુખ્ય વિષયો : ધોરણ 1થી 5<br>➜ हिन्दी અને English : ધોરણ 1થી 4<br>➜ ગુજરાતી, ગણિત, સામાન્ય જ્ઞાન અને અંગ્રેજી : B અને C (બાળમંદિર) (20 – 20 માર્ક્સ) |

## અભ્યાસક્રમ

- **પૂરક મૂલ્યાંકન 1 : ઑગસ્ટ, 2025 :** જૂન ’25 અને જુલાઈ ’25નો રહેશે.
- **મૂલ્યાંકન – પ્રથમ સત્ર : ઑક્ટોબર, 2025 :** જૂન ’25થી ઑક્ટોબર ’25 સુધીનો રહેશે.
- **પૂરક મૂલ્યાંકન 2 : ફેબ્રુઆરી, 2026 :** નવેમ્બર ’25થી જાન્યુઆરી ’26નો રહેશે.
- **મૂલ્યાંકન – દ્વિતીય સત્ર : એપ્રિલ, 2026 :** નવેમ્બર ’25થી એપ્રિલ ’26 સુધીનો રહેશે.
- **ચિત્રકલા :** B(બાળમંદિર)થી ધોરણ 5 અને **કમ્પ્યૂટર :** ધોરણ 1થી 3માં માત્ર દ્વિતીય સત્રમાં લેખિત મૂલ્યાંકન કરવાનું હોવાથી તેમાં સંપૂર્ણ અભ્યાસક્રમ રહેશે.

સંચાલકશ્રી, આચાર્યશ્રી, શિક્ષકમિત્રો અને વાલીમિત્રો,

**જોગ નમ્ર નિવેદન ...**

હરીફાઈના સાંપ્રત યુગમાં બાળકોને શાળામાં – ખાસ કરીને બાળમંદિર-(બાલવાટિકા)માં દાખલ કરતાંની સાથે જ વાલીઓની શાળા અને શિક્ષકો પાસેથી અપેક્ષા ઘણી વધી જાય છે. સામાન્ય સમજ એવી પ્રવર્તે છે કે બાળક શાળાએ જતું થાય એટલે બીજા જ મહિનાથી એને લખતાં-વાંચતાં આવડવું જ જોઈએ. પરંતુ, હાલના સંજોગોમાં શિક્ષકો અને ખાસ કરીને વાલીઓએ એક વાત ખાસ ધ્યાનમાં રાખવી જોઈએ કે અગાઉ મોટે ભાગે બાળક પાંચ વર્ષ પૂરા કરે પછી એને સીધો ધોરણ ૧માં પ્રવેશ મળતો. બાળમંદિરમાં બાળકને દાખલ કરવાની પ્રથા આજના વાલીઓ જ્યારે વિદ્યાર્થી હતા ત્યારે આટલી પ્રચલિત ન હતી. જ્યારે હવે, બાળમંદિર તો ખરું જ ! પરંતુ, તેમાં પણ બાળકોની વયકક્ષા અનુક્રમે ૩થી ૪ વર્ષ, ૪થી ૫ વર્ષ અને ૫થી ૬ વર્ષ મુજબ બાળમંદિરનાં કુલ ત્રણ વર્ષ અને અનુક્રમે ભાગ ૧થી ૩ એમ ત્રણ વિભાગ છે અને તેથી જ કુમળી વયે બાળમંદિરમાં દાખલ થતા બાળકના સ્નાયુઓને કેળવવાની અને ત્યારબાદ જ અંક જ્ઞાન અને અક્ષર જ્ઞાનની સમજ આપવી જરૂરી છે. બાળકના સર્વાંગી વિકાસ માટે જરૂરી કેટલીક મહત્ત્વની બાબતોનો આ અભ્યાસક્રમમાં સમાવવાનો અમે સંનિષ્ઠ પ્રયાસ કર્યો છે તથા અમને ખાતરી છે કે આ અભ્યાસક્રમમાં આપેલા ક્રમ મુજબ તબક્કાવાર શિક્ષણ જો બાળકને આપવામાં આવશે તો બાળક ફક્ત હોશિયાર વિદ્યાર્થી જ નહિ, પરંતુ ભવિષ્યમાં એક સમજદાર નાગરિક પણ બની રહેશે.

ત્રણ કે સાડા ત્રણ વર્ષની ઉંમરે પોતાના ઘરનું પરિચિત અને હૂંફાળું વાતાવરણ છોડી બાળક બહારની દુનિયામાં અર્થાત્ બાળમંદિરમાં એકલું પગ માંડે છે. ત્યારે આપણી (બાળમંદિરનાં શિક્ષિકા બહેનોની) ફરજ બને છે કે તેને હૂંફ અને પ્રેમ મળે તેવું વાતાવરણ પૂરું પાડીએ. અભ્યાસની પૂર્વતૈયારીરૂપે બાળકો પાસે એવી પ્રવૃત્તિઓ કરાવીએ કે જેના દ્વારા તેનો શારીરિક અને માનસિક વિકાસ તો થાય જ – પરંતુ સાથોસાથ ગતિપ્રેરક સ્નાયુઓનો પણ વિકાસ થાય. બાળક શાળામાં દાખલ થાય ત્યારે પહેલા જ દિવસથી તેને સીધેસીધું અંક જ્ઞાન કે અક્ષર જ્ઞાન આપી ભણાવી દેવાને બદલે તેને આનંદ મળે તેવી વિવિધ રમતો અને પ્રવૃત્તિઓ કરાવીએ અને બીજા દિવસે પણ બાળક પોતાની મેળે જ શાળામાં આવવા પ્રેરાય તેવું વાતાવરણ પૂરું પાડીએ.

**આ માટે નીચેની બાબતો વિચારી શકાય :**

- બાળકોના નાના અને મોટા સ્નાયુઓ સુગઠિત થાય.
- આપણા સૂક્ષ્મ અવલોકન હેઠળ હેતુપૂર્ણ હલનચલનની રમતો રમાડી શકાય, જેના દ્વારા બાળકોની દબાયેલી વૃત્તિઓને મોકળાશ મળે.

- બાળકોમાં સ્વાવલંબન, માનસિક એકાગ્રતા અને સ્થિરતા કેળવાય.
- બાળકોને શારીરિક વિકાસથી શરૂ કરી બૌદ્ધિક વિકાસ તરફ લઈ જઈએ.

ઉપર્યુક્ત તમામ બાબતો અથવા હેતુ પરિપૂર્ણ કરવા બાળકોને નીચે મુજબની પ્રવૃત્તિઓમાં સાંકળી શકાય :

- બાળકોને શરૂઆતમાં પોતાના વર્ગખંડ, પાણી પીવાની જગ્યા, પેશાબની જગ્યા, રમતનું મેદાન, પ્રાર્થનાખંડ, શાળાનું કાર્યાલય વગેરે જેવી જગ્યાઓથી માહિતગાર કરવા.
- બાળકોને નીચેની પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત કરવાં.
  દા. ત., ચાલવું, દોડવું, કૂદવું, ફેંકવું, પકડવું, બેસવું, ઊભા થવું, ગબડાવવું, ખેંચવું, સમતોલન જાળવવું, ઊંચકવું, હીંચકવું, લપસવું, લટકવું વગેરે.

બાળકો પાસે ઉપર્યુક્ત પ્રવૃત્તિઓ કરાવ્યા બાદ બીજા તબક્કામાં નીચે દર્શાવેલી પ્રવૃત્તિઓ કરાવી શકાય :

- માટીકામ, પરોવવું, ખાંડવું, ભરવું, ખોલવું, બંધ કરવું, ચાળવું, વીણવું, ગોઠવવું વગેરે.

ઉપર દર્શાવેલી તમામ પ્રવૃત્તિઓ બાળકના નાના સ્નાયુઓના વિકાસ તથા તેમની તર્કશક્તિ વધારવામાં મદદરૂપ નિવડશે. ત્યારબાદ નાના સ્નાયુઓના વિકાસ અને બાળકોના બૌદ્ધિક વિકાસમાં નીચે દર્શાવેલી તમામ પ્રવૃત્તિઓ ઉપયોગી થશે :

- પુસ્તકના પાન ફેરવવા, ભરત-ગૂંથણ, કાગળ વાળવા, કાગળ ફાડવા, ગોળી વાળવી, સાદી પૅટર્નનું લેખન, ચૉકકામ, રંગકામ, છાપકામ, ચીટકકામ, ચિત્રકામ વગેરે.

ઉપર્યુક્ત તમામ પ્રવૃત્તિઓ કરાવ્યા બાદ બાળક જ્ઞાનલક્ષી વિકાસ માટે પૂરેપૂરું સક્ષમ બને છે. હવે બાળકની યાદશક્તિ અને અવલોકન-શક્તિ વિકસે, બાળકમાં વર્ગીકરણ કરવાની કુશળતા કેળવાય, બાળકની વિચાર કરવાની શક્તિ વિકસે, બાળકમાં સમસ્યાઓનું નિરાકરણ કરવાની શક્તિનો અને તર્કશક્તિનો વિકાસ થાય તેવી પ્રવૃત્તિઓ કરાવવી જોઈએ. જે માટે ઓળખ, સમાનતા, વર્ગીકરણ, પૂરક જોડી, જુદું પાડવું, ક્રમમાં ગોઠવવું, શું ખૂટે છે?, શું ખોટું છે? – જેવી પ્રવૃત્તિઓ યોગ્ય ગણાય. ઉપરાંત, બાળકોની દશ્યેન્દ્રિય, સ્પર્શેન્દ્રિય, કર્ણેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય અને સ્વાદેન્દ્રિયની શક્તિઓ વિકસે તેવી પ્રવૃત્તિઓ પણ કરાવવી જોઈએ. આ બધી ઇન્દ્રિયોના વિકાસ માટે જુદી જુદી ઘણી પ્રવૃત્તિઓ માસવાર

અભ્યાસક્રમ આયોજનમાં ક્રમશઃ દર્શાવી છે. પરંતુ, ખાસ 'કર્ણેન્દ્રિય'ના વિકાસ માટે બાળકોને સંગીતમય જોડકણાં અને બાળગીતો સંભળાવવાં, ગવડાવવાં હિતાવહ છે. અત્યાર સુધી પેઢી દર પેઢી કંઠસ્થ રીતે સચવાયેલાં આવાં જોડકણાં અને બાળગીતો બાળકોને મજા પડે તેવા સ્વર અને સંગીત સાથે સંભળાવવાં. બાળકોની વય કક્ષાને ધ્યાનમાં લઈ English અને हिन्दी ભાષાનાં સરળ બાળગીતોનો પણ સમાવેશ કર્યો છે. સાંપ્રત સમયની જરૂરિયાતને ધ્યાનમાં લેતાં આંતરરાષ્ટ્રીય ભાષા – English અને રાષ્ટ્રભાષા– हिन्दीનું પ્રાથમિક જ્ઞાન દરેક બાળક માટે અનિવાર્ય છે. કારણ કે, હવેની પેઢીને રોજબરોજનાં કાર્યોમાં પણ Computerનો ઉપયોગ કરવો જ પડશે તથા Computerની Command-Language English હોવાના કારણે તેનું પ્રાથમિક જ્ઞાન અથવા પરિચય જો બાળકને નાનપણથી જ મળે તો ભવિષ્યમાં ભાષાને આત્મસાત્ કરવી બાળક માટે સરળ રહેશે. બલ્કે, સરકારશ્રી પણ આ દિશામાં સક્રિય છે. જુદી જુદી ભાષાના શબ્દોથી બાળકને પરિચિત કરવાનો કદાચ આ સૌથી સરળ અને સંગીતમય રસ્તો છે. ટૂંકમાં, હવે સમયની સાથે ચાલવા માટે બાળકને નાનપણથી જ ગુજરાતી, हिन्दी અને English ભાષાનો પરિચય કરાવવો જરૂરી છે અને સાથોસાથ તેની કર્ણેન્દ્રિયના વિકાસ ઉપરાંત ભાષાની સમજ, શુદ્ધ ઉચ્ચારો કરવાની ક્ષમતા, તર્કશક્તિ એમ ઘણાં પાસાં વિકસે છે.

ઉપર્યુક્ત તમામ પ્રવૃત્તિઓ બાળકો પાસે કરાવ્યા બાદ તેમની લાગણીનો વિકાસ થાય તથા સામાજિક સમજ કેળવાય તે માટે પણ વિચારવું જોઈએ. આ માટે નીચે દર્શાવેલી બાબતો અંગે વિચારી શકાય :

- બાળકો પોતાની મૌખિક રજૂઆત સરળતાથી કરી શકે.
- પોતાની ઇચ્છા વિરુદ્ધનું કંઈક બને ત્યારે સહજ વર્તન કરી શકે.
- બાળક પોતાના વ્યક્તિત્વની ઓળખ કરાવી શકે તથા સ્વતંત્ર બની શકે.
- અન્ય બાળકો સાથે સારા સંબંધો કેળવી શકે.
- અન્યની લાગણીઓ, જરૂરિયાતો પ્રત્યે સંવેદનશીલ બની શકે.
- જૂથમાં રહીને સહિષ્ણુ, વિવેકી અને સહયોગી બની શકે.
- ખેલદિલીપૂર્વક રમતો રમીને પોતાના વારાની રાહ જોઈ શકે, ધીરજ કેળવી શકે.
- શિક્ષક દ્વારા અપાતી સૂચનાઓ તથા વાતો ધ્યાનથી સાંભળી શકે.

**આગળ આપેલી તમામ બાબતો બાળક માટે સહજ સ્વીકૃત બને તે માટે નીચેની પ્રવૃત્તિઓનું આયોજન કરવું જરૂરી છે :**

● વિવિધ બૉક્સની રમતો ● રેતીની રમતો ● પાણીની રમતો ● બાગકામ ● વર્ગ અંદરની અને વર્ગ બહારની રમતો ● કુદરતી પ્રવાસો ● સંગીતની વિવિધ પ્રવૃત્તિઓ ● ઢીંગલી ઘરની રમતો ● દરેક તહેવારોની ઉજવણી

ઉપર્યુક્ત તમામ પ્રવૃત્તિઓ બાળકો પાસે કરાવ્યા બાદ હવે બાળક ભાષાના વિકાસ માટે સક્ષમ બને છે – અક્ષરજ્ઞાનની શરૂઆત કરાવવા માટે બાળકમાં શ્રવણ કૌશલ્ય વિકસાવવું જરૂરી છે. ઉપરાંત, સૂચનાઓની આપ-લે કરવાની ટેવ કેળવવી તથા તેના વાંચન માટે અવલોકનશક્તિ વિકસાવવી જરૂરી બને છે. તે માટે બાળકો વર્ગમાં જુદા જુદા ચાર્ટ્સનું અવલોકન કરે, બાળગીતો ગાય અને સાંભળે, વાર્તાઓ સાંભળે, ઉંમરને અનુરૂપ બાળનાટકો દ્વારા સંવાદો બોલે અથવા સાંભળે તે અત્યંત જરૂરી છે.

આપના બાળમંદિરનાં બાળકો પાસે ભણવાની અર્થાત્ અંકલેખન અને અક્ષર લેખનની શરૂઆત કરાવતાં પહેલાં જો ઉપર્યુક્ત પ્રવૃત્તિઓમાં તેમને રસ પડે – મજા પડે તેવી રીતે કરાવવામાં આવે તો બાળક ભણતરની શરૂઆત ખૂબ જ રસપૂર્વક અને સહજ રીતે કરશે તથા દરરોજ શાળાએ જવાની જીદ કરશે અને એકવાર બાળક નિયમિત શાળામાં આવી દરેક પ્રવૃત્તિઓમાં રસ લેતું થાય તો તેનું પરિણામ શું આવે તેની વિસ્તૃત ચર્ચા કરવાની જરૂર ખરી?

## * સમય-પત્રક *

| સમય | પ્રવૃત્તિ | સોમવાર | મંગળવાર | બુધવાર | ગુરુવાર | શુક્રવાર | શનિવાર |
|---|---|---|---|---|---|---|---|
| ૩૦ મિનિટ | પ્રાર્થના<br>હાજરી<br>બાળગીત | — | — | — | — | — | — |
| ૨૦ મિનિટ | મૌખિક | ભાષા (ગુજરાતી) | ગણિત | ભાષા (ગુજરાતી) | ગણિત | ભાષા (ગુજરાતી) | અંગ્રેજી |
| ૩૦ મિનિટ | લેખન | ભાષા (ગુજરાતી) | ગણિત | ભાષા (ગુજરાતી) | ગણિત | ભાષા (ગુજરાતી) | અંગ્રેજી |
| ૨૦ મિનિટ | નાસ્તો | — | — | — | — | — | — |
| ૨૦ મિનિટ | સામાન્ય જ્ઞાન | — | — | — | — | — | — |
| ૪૦ મિનિટ | મુખ્ય<br>પ્રવૃત્તિ | વર્ગ અંદર<br>વર્ગ બહાર | રચનાત્મક<br>પ્રવૃત્તિ | વર્ગ બહાર<br>વર્ગ અંદર | ચિત્રકામ | રમત | માનસિક<br>વિકાસ |
| ૨૦ મિનિટ | વાર્તા | — | — | — | — | — | — |

# માસવાર અભ્યાસક્રમ (વાર્ષિક આયોજન)

## B (બાળમંદિર)

**નોંધ :** પ્રથમ સત્રનું લેખિત મૂલ્યાંકન સપ્ટેમ્બર અથવા ઑક્ટોબર માસમાં અને દ્વિતીય સત્રનું લેખિત મૂલ્યાંકન માર્ચ અથવા એપ્રિલ માસમાં આવતું હોવાથી એ મુજબ અભ્યાસક્રમ પૂર્ણ કરવા વિનંતી.

* **પ્રથમ સત્ર :** જૂનથી ઑક્ટોબર સુધી

* **દ્વિતીય સત્ર :** નવેમ્બરથી એપ્રિલ સુધી

## ૧. શારીરિક વિકાસ માટે પ્રવૃત્તિઓ

### જૂન

**વર્ગ બહાર રમાડવાની રમતો :**

ચાલવું :
- લીટી ઉપર; —, W, ∩ જેવા આકાર ઉપર એક પછી એક પગ મૂકીને ચાલવું.
- બે લીટીની વચ્ચે ચાલવું.
- જુદી જુદી રીતે ઈંટો ગોઠવી ઈંટો ઉપર ચાલવું. (આડી ઈંટો ▭ ▭ ▭; ઊભી ઈંટો ▯ ▯ ▯)
- પાળી ઉપર ચાલવું.
- બે ટાયર ઉપર પાટિયું મૂકી પાટિયા ઉપર ચાલવું.

દોડવું :
- બે લીટીની વચ્ચે દોડવું.
- ગોળ ફરતું ખંજરીના તાલ સાથે દોડવું. ધીમું, ઝડપી, ધીમું, ઊભા રહેવું.

**વર્ગમાં કરાવવાની પ્રવૃત્તિઓ :**

માટીકામ :
- જુદા જુદા આકાર બનાવવા : સાપ, લાડુ, જલેબી

પરોવવું :
- જુદા જુદા આકારનાં મણકા, પાન, મકાઈની ધાણી (પોપકૉર્ન) વગેરે પરોવવા આપવું.

## જુલાઈ

**વર્ગ બહાર રમાડવાની રમતો :**

કૂદવું : ● બૉક્સ, પગથિયાં, ખુરશી ઉપરથી કૂદવું, પગથિયાં રમવાં.

● ○ ○ ○ અંદર-બહાર, અંદર-બહાર } ○ દોરીને આ રીતે કુદાવવું.

● ○○○○○ બે પગ સાથે, છૂટા, સાથે, છૂટા

ફેંકવું : બૉલ, રિંગ ● બૉલ ડોલમાં કે ટબમાં ફેંકવો.

● પાસિંગ બૉલની રમત. ● બાસ્કેટબૉલની રિંગમાં બૉલ નાખવો.

● બૉલ, રિંગથી સામસામા ઊભા રહી રમવું.

પકડવું : બૉલ, રિંગ

**વર્ગમાં કરાવવાની પ્રવૃત્તિઓ :**

ખાંડવું ● ચણા, આખું મીઠું જેવી વસ્તુ ભૂકો કરવા આપવી.

ભરવું ● શીશામાં ચણા, રાજમા, મેથીને અંગૂઠો અને બે આંગળીની મદદથી એક-એક દાણો લઈ નાખવું.

ખોલવું-બંધ કરવું : બટન, હૂક, ક્લિપ, ચેઈન, બૉટલનાં ઢાંકણાં ખોલવાં અને બંધ કરવા આપવાં.

## ઑગસ્ટ

**વર્ગ બહાર રમાડવાની રમતો :**

બેસવું / ઊભા થવું : ખંજરીના તાલે ઊભા થાય, બેસે.

ગબડાવવું : બૉલ, ટાયર ગબડાવવાં.

ખેંચવું : ● દોરડું સામસામે ખેંચાવવું.

● લાકડાના ટુકડા સાથે દોરડું બાંધી ખેંચાવવું.

સમતોલન જાળવવું : ● માથા ઉપર રિંગ મૂકી ચાલવું.

● માથા ઉપર લાકડાનો ટુકડો મૂકી ચાલવું.

● હાથમાં પાણી ભરેલી વાટકી લઈ ચાલવું.

ઊંચકવું : ● પોતાનું દફતર, ખુરશી વગેરે ઊંચકાવવી.

**વર્ગમાં કરાવવાની પ્રવૃત્તિઓ :**

ચાળવું : ● રેતી ચાળવી. ● અનાજ ચાળવું.

વીણવું : ● ઘઉંમાંથી કાંકરા વીણવા.

ગોઠવવું : ● જમીન ઉપર ચિત્ર દોરી તેની ઉપર ફૂલ, પાન, ચીકુનાં બી, કચૂકા, શંખલાં, છીપલાં, બટન વગેરે જેવી વસ્તુ ગોઠવવા આપવી.

## સપ્ટેમ્બર

**વર્ગ બહાર રમાડવાની રમતો :**

- સંગીત ખુરશી
- રેતીમાં મુક્ત રમવા દેવાં

**વર્ગમાં કરાવવાની પ્રવૃત્તિઓ :**

- દટ્ટાપેટી
- મિનારો
- પઝલ ટ્રે

## ઑક્ટોબર

- **પુનરાવર્તન**

## નવેમ્બર

**વર્ગ બહાર રમાડવાની રમતો :**

- સાઈકલ ચલાવવી
- પાસિંગ બૉલ રમવો

**વર્ગમાં કરાવવાની પ્રવૃત્તિઓ :**

- પઝલ ટ્રે
- સિવણનાં પાટિયાં

## ડિસેમ્બર

**વર્ગ બહાર રમાડવાની રમતો :**

- નદીકિનારે ટમેટું
- પાસિંગ બૉલ
- સાતતાળી

**વર્ગમાં કરાવવાની પ્રવૃત્તિઓ :**

- માટીકામ
- ભરવું
- પરોવવું
- ખોલવું – બંધ કરવું

## જાન્યુઆરી

**વર્ગ બહાર રમાડવાની રમતો :**

- સાદી દોડ
- ટાયર ગબડાવવાં
- મૂર્તિની રમત

**વર્ગમાં કરાવવાની પ્રવૃત્તિઓ :**

- શીશામાં પાણી રેડવું
- કપડાંને ગડી કરવી
- દાણા છૂટા પાડવા

**ફેબ્રુઆરી**

**વર્ગ બહાર રમાડવાની રમતો :**

- ધમાલ ધોકો
- મારામાં કાંકરી ખૂંચે છે
- સમતોલન જાળવવું

**વર્ગમાં કરાવવાની પ્રવૃત્તિઓ :**

- ફુગ્ગો ફુલાવવો
- આકૃતિ સુશોભન (ગોઠવવું)
- ખાંડવું

**માર્ચ**

**વર્ગ બહાર રમાડવાની રમતો :**

- સંગીત ખુરશી
- સાઈકલ ચલાવવી
- પાણીની રમતો (ટબમાં પાણી ભરી કાણાવાળા ડબા, ચાળણી, શૅમ્પૂની ખાલી બૉટલો રમવા આપવી.)

**વર્ગમાં કરાવવાની પ્રવૃત્તિઓ :**

- મણકા પરોવવા
- સિવણનાં પાટિયાં
- પઝલ ટ્રે

**એપ્રિલ**

- **પુનરાવર્તન**

# ૨. માનસિક / બૌદ્ધિક વિકાસ માટે પ્રવૃત્તિઓ

## જૂન

**ઓળખ :** • ચિત્ર બતાવી માહિતી આપવી ત્યારબાદ પ્રશ્નો પૂછવા.

**સરખામણી :** • બે સરખી વસ્તુઓ લેવી–બૉલ, ચૉક, પેન્સિલ, બટન વગેરે. વસ્તુઓની એક જોડ ગોઠવવી. તે વસ્તુઓ સામે બાળક બીજી જોડ ગોઠવે.

• સરખાં ચિત્રોની જોડી બનાવવી.

## જુલાઈ

**વર્ગીકરણ :** વસ્તુ દ્વારા કચૂકા, ચીકુનાં બીજ, શંખલાં, છીપલાં જેવી વસ્તુ ભેગી કરી જુદી પાડવી.

**પૂરક જોડી બનાવો :** કપ-રકાબી, બ્રશ-પેસ્ટ, પેન્સિલ-નોટ

**જુદું પાડવું :** રાજમા-વાલ

**ક્રમમાં ગોઠવવું :** લાલ, લીલા મણકા આપવા. લાલ મણકો, લીલો મણકો, લાલ, લીલા પ્રમાણે પોરવો. (કોઈ પણ બે કલર આપી શકાય.)

## ઑગસ્ટ

ચિત્રમાં શું ખૂટે છે?  **દા. ત.,** બાબાની આંખ

શું ખોટું છે?  **દા. ત.,** ત્રિપાઈ ઉપર બૂટ

ચોપડીનાં પાન ફેરવવાં.

## સપ્ટેમ્બર

- સ્પર્શેન્દ્રિયનો પરિચય :
  **દા. ત.,** ગરમ, ઠંડું, લીસું, ખરબચડું, હલકું, ભારે, કઠણ, પોચું વગેરેનો સ્પર્શ દ્વારા પરિચય કરાવવો.
- ઘ્રાણેન્દ્રિયનો પરિચય : જુદી જુદી ગંધનો અનુભવ કરાવવો.
  **દા. ત.,** વિક્સ, નીલગિરિ, પેટ્રોલ, પરફ્યુમ
- કર્ણેન્દ્રિય પરિચય. જુદા જુદા અવાજોનો અનુભવ કરાવવો.

## ઑક્ટોબર

- **પુનરાવર્તન**

**નવેમ્બર**

- સ્વાદેન્દ્રિય પરિચય. જુદા જુદા સ્વાદોનો અનુભવ કરાવવો.
  **દા. ત.,** ગળ્યું, ખાટું, ખારું, તીખું, કડવું

**ડિસેમ્બર**

- સરખામણી, વર્ગીકરણ, પૂરક જોડી બનાવો-ની પ્રવૃત્તિનું પુનરાવર્તન કરવું.

**જાન્યુઆરી**

- જુદું પાડવું, ક્રમમાં ગોઠવવું, ચિત્રમાં શું ખૂટે છે?-ની પ્રવૃત્તિનું પુનરાવર્તન કરવું.

**ફેબ્રુઆરી**

- જુદા જુદા સ્પર્શ, જુદી જુદી સુગંધનો પરિચય આપી પુનરાવર્તન કરવું.

**માર્ચ**

- જુદા જુદા અવાજો, જુદા જુદા સ્વાદનો પરિચય આપી પુનરાવર્તન કરવું.

**એપ્રિલ**

- **પુનરાવર્તન**

# ૩. ભાષા (ગુજરાતી)

## જૂન

- ગુજરાતી મૂળાક્ષરો(વ્યંજન-સ્વર)નો ચિત્ર દ્વારા પરિચય
- લેખન પ્રારંભ • ક, ખ, ગ અને ઘની ઓળખ, વાંચન અને લેખન
- મૂળાક્ષરથી શરૂ થતા અન્ય શબ્દો અને ચિત્રોનો પરિચય • મહાવરો – ૧
- મૂળાક્ષરમાં રંગ પૂરો. • સરખા મૂળાક્ષર જોડો.
- મૂળાક્ષર ઓળખી ◯ કરો. • મૂળાક્ષરની નીચે લીટી દોરો.
- મૂળાક્ષરની ફરતે ◯ કરો.
- ચિત્રનાં નામ પરથી શરૂ થતાં મૂળાક્ષરને ચિત્ર સાથે જોડો.
- હરોળમાં જુદા મૂળાક્ષર પર ✕ કરો.
- ☐માં લખેલા મૂળાક્ષર જેવો મૂળાક્ષર શોધી તેના ફરતે ◯ કરો.
- આગળનો મૂળાક્ષર લખો. • પાછળનો મૂળાક્ષર લખો.
- ખૂટતા મૂળાક્ષરો લખો. • ઓળખો, જોડો અને લખો.
- મૂળાક્ષરને તે મૂળાક્ષરથી શરૂ થતાં ચિત્રો સાથે જોડો.
- ચિત્ર જુઓ અને સાચા શબ્દ સાથે જોડો.

(નવનીત ગુજરાતી વર્ણ-પરિચય – ભાગ ૧ : પાન નં. ૨થી ૧૭)

## જુલાઈ

- ચ, છ, જ, ઝ અને ટની ઓળખ, વાંચન અને લેખન
- મૂળાક્ષરથી શરૂ થતા અન્ય શબ્દો અને ચિત્રોનો પરિચય • મહાવરો – ૨
- અભ્યાસ ૧ • મૂળાક્ષરમાં રંગ પૂરો.
- સરખા મૂળાક્ષર જોડો. • મૂળાક્ષર ઓળખી ◯ કરો.
- મૂળાક્ષરની નીચે લીટી દોરો. • મૂળાક્ષરની ફરતે ◯ કરો.
- ચિત્રનાં નામ પરથી શરૂ થતાં મૂળાક્ષરને ચિત્ર સાથે જોડો.
- હરોળમાં જુદા મૂળાક્ષર પર ✕ કરો.
- ☐માં લખેલા મૂળાક્ષર જેવો મૂળાક્ષર શોધી તેના ફરતે ◯ કરો.
- આગળનો મૂળાક્ષર લખો. • પાછળનો મૂળાક્ષર લખો.
- ચિત્ર જુઓ અને સાચા શબ્દ સાથે જોડો. • ખૂટતા મૂળાક્ષરો લખો.
- ઓળખો, જોડો અને લખો.
- મૂળાક્ષરને તે મૂળાક્ષરથી શરૂ થતાં ચિત્રો સાથે જોડો.

(નવનીત ગુજરાતી વર્ણ-પરિચય – ભાગ ૧ : પાન નં. ૧૮થી ૩૧)

## ઑગસ્ટ

- ઠ, ડ, ઢ અને ણની ઓળખ, વાંચન અને લેખન
- મૂળાક્ષરથી શરૂ થતા અન્ય શબ્દો અને ચિત્રોનો પરિચય • મહાવરો – ૩
- મૂળાક્ષરમાં રંગ પૂરો. • સરખા મૂળાક્ષર જોડો.
- મૂળાક્ષરની નીચે લીટી દોરો.
- ચિત્રનાં નામ પરથી શરૂ થતાં મૂળાક્ષરને ચિત્ર સાથે જોડો.
- હરોળમાં જુદા મૂળાક્ષર પર ✕ કરો.
- ☐માં લખેલા મૂળાક્ષર જેવો મૂળાક્ષર શોધી તેના ફરતે ◯ કરો.
- આગળનો મૂળાક્ષર લખો. • પાછળનો મૂળાક્ષર લખો.
- ખૂટતા મૂળાક્ષરો લખો. • મૂળાક્ષરને તેના જેવા મૂળાક્ષર સાથે જોડો.
- ઓળખો, જોડો અને લખો.
- ચિત્ર જુઓ અને સાચા શબ્દ સાથે જોડો.

(નવનીત ગુજરાતી વર્ણ-પરિચય – ભાગ ૧ : પાન નં. ૩૨થી ૩૭)

## સપ્ટેમ્બર

- ત, થ, દ અને ધની ઓળખ, વાંચન અને લેખન
- પુનરાવર્તન
- મૂળાક્ષરથી શરૂ થતા અન્ય શબ્દો અને ચિત્રોનો પરિચય • મહાવરો – ૪
- અભ્યાસ ૨ • મૂળાક્ષરમાં રંગ પૂરો.
- સરખા મૂળાક્ષર જોડો. • મૂળાક્ષર ઓળખી ◯ કરો.
- મૂળાક્ષરની નીચે લીટી દોરો. • મૂળાક્ષરની ફરતે ◯ કરો.
- ચિત્રનાં નામ પરથી શરૂ થતાં મૂળાક્ષરને ચિત્ર સાથે જોડો.
- હરોળમાં જુદા મૂળાક્ષર પર ✕ કરો.
- ☐માં લખેલા મૂળાક્ષર જેવો મૂળાક્ષર શોધી તેના ફરતે ◯ કરો.
- આગળનો મૂળાક્ષર લખો. • પાછળનો મૂળાક્ષર લખો.
- ખૂટતા મૂળાક્ષરો લખો. • ઓળખો, જોડો અને લખો.
- મૂળાક્ષરને તે મૂળાક્ષરથી શરૂ થતાં ચિત્રો સાથે જોડો.
- ચિત્ર જુઓ અને સાચા શબ્દ સાથે જોડો.

(નવનીત ગુજરાતી વર્ણ-પરિચય – ભાગ ૧ : પાન નં. ૩૮થી ૫૬)

## ઑક્ટોબર

- **પુનરાવર્તન**

## નવેમ્બર

- ગુજરાતી મૂળાક્ષરો(વ્યંજન-સ્વર)નો ચિત્ર દ્વારા પરિચય
- ન, પ અને ફની ઓળખ, વાંચન અને લેખન
- મૂળાક્ષરથી શરૂ થતા અન્ય શબ્દો અને ચિત્રોનો પરિચય • મહાવરો – ૧
- મૂળાક્ષરમાં રંગ પૂરો. • સરખા મૂળાક્ષર જોડો.
- મૂળાક્ષર ઓળખી ◯ કરો. • મૂળાક્ષરની નીચે લીટી દોરો.
- મૂળાક્ષરની ફરતે ◯ કરો.
- ચિત્રનાં નામ પરથી શરૂ થતાં મૂળાક્ષરને ચિત્ર સાથે જોડો.
- હરોળમાં જુદા મૂળાક્ષર પર ✕ કરો.
- ☐માં લખેલા મૂળાક્ષર જેવો મૂળાક્ષર શોધી તેના ફરતે ◯ કરો.
- આગળનો મૂળાક્ષર લખો. • પાછળનો મૂળાક્ષર લખો.
- ખૂટતા મૂળાક્ષરો લખો. • ઓળખો, જોડો અને લખો.
- મૂળાક્ષરને તે મૂળાક્ષરથી શરૂ થતાં ચિત્રો સાથે જોડો.
- ચિત્ર જુઓ અને સાચા શબ્દ સાથે જોડો.

(નવનીત ગુજરાતી વર્ણ-પરિચય – ભાગ ૨ : પાન નં. ૨થી ૧૩)

## ડિસેમ્બર

- બ, ભ અને મની ઓળખ, વાંચન અને લેખન
- મૂળાક્ષરથી શરૂ થતા અન્ય શબ્દો અને ચિત્રોનો પરિચય • મહાવરો – ૨
- અભ્યાસ ૧ • મૂળાક્ષરમાં રંગ પૂરો.
- સરખા મૂળાક્ષર જોડો. • મૂળાક્ષર ઓળખી ◯ કરો.
- મૂળાક્ષરની નીચે લીટી દોરો. • મૂળાક્ષરની ફરતે ◯ કરો.
- ચિત્રનાં નામ પરથી શરૂ થતાં મૂળાક્ષરને ચિત્ર સાથે જોડો.
- હરોળમાં જુદા મૂળાક્ષર પર ✕ કરો.
- ☐માં લખેલા મૂળાક્ષર જેવો મૂળાક્ષર શોધી તેના ફરતે ◯ કરો.
- આગળનો મૂળાક્ષર લખો. • પાછળનો મૂળાક્ષર લખો.
- ખૂટતા મૂળાક્ષરો લખો. • ઓળખો, જોડો અને લખો.
- મૂળાક્ષરને તે મૂળાક્ષરથી શરૂ થતાં ચિત્રો સાથે જોડો.
- ચિત્ર જુઓ અને સાચા શબ્દ સાથે જોડો.

(નવનીત ગુજરાતી વર્ણ-પરિચય – ભાગ ૨ : પાન નં. ૧૪થી ૨૩)

## જાન્યુઆરી

- ય, ર, લ અને વની ઓળખ, વાંચન અને લેખન
- મૂળાક્ષરથી શરૂ થતા અન્ય શબ્દો અને ચિત્રોનો પરિચય ● મહાવરો – ૩
- મૂળાક્ષરમાં રંગ પૂરો. ● સરખા મૂળાક્ષર જોડો.
- મૂળાક્ષર ઓળખી ◯ કરો. ● મૂળાક્ષરની નીચે લીટી દોરો.
- મૂળાક્ષરની ફરતે ◯ કરો.
- ચિત્રનાં નામ પરથી શરૂ થતાં મૂળાક્ષરને ચિત્ર સાથે જોડો.
- હરોળમાં જુદા મૂળાક્ષર પર ✕ કરો.
- ☐માં લખેલા મૂળાક્ષર જેવો મૂળાક્ષર શોધી તેના ફરતે ◯ કરો.
- આગળનો મૂળાક્ષર લખો. ● પાછળનો મૂળાક્ષર લખો.
- ખૂટતા મૂળાક્ષરો લખો. ● ઓળખો, જોડો અને લખો.
- મૂળાક્ષરને તે મૂળાક્ષરથી શરૂ થતાં ચિત્રો સાથે જોડો.
- ચિત્ર જુઓ અને સાચા શબ્દ સાથે જોડો.

(નવનીત ગુજરાતી વર્ણ-પરિચય – ભાગ ૨ : પાન નં. ૨૪થી ૩૩)

## ફેબ્રુઆરી

- શ, ષ અને સની ઓળખ, વાંચન અને લેખન ● મહાવરો – ૪
- મૂળાક્ષરથી શરૂ થતા અન્ય શબ્દો અને ચિત્રોનો પરિચય ● અભ્યાસ ૨
- મૂળાક્ષરમાં રંગ પૂરો. ● મૂળાક્ષરને તેના જેવા મૂળાક્ષર સાથે જોડો.
- સરખા મૂળાક્ષર જોડો. ● મૂળાક્ષર ઓળખી ◯ કરો.
- મૂળાક્ષરની નીચે લીટી દોરો. ● મૂળાક્ષરની ફરતે ◯ કરો.
- ચિત્રનાં નામ પરથી શરૂ થતાં મૂળાક્ષરને ચિત્ર સાથે જોડો.
- હરોળમાં જુદા મૂળાક્ષર પર ✕ કરો.
- ☐માં લખેલા મૂળાક્ષર જેવો મૂળાક્ષર શોધી તેના ફરતે ◯ કરો.
- આગળનો મૂળાક્ષર લખો.
- પાછળનો મૂળાક્ષર લખો. ● ખૂટતા મૂળાક્ષરો લખો.
- ઓળખો, જોડો અને લખો.
- મૂળાક્ષરને તે મૂળાક્ષરથી શરૂ થતાં ચિત્રો સાથે જોડો.
- ચિત્ર જુઓ અને સાચા શબ્દ સાથે જોડો.

(નવનીત ગુજરાતી વર્ણ-પરિચય – ભાગ ૨ : પાન નં. ૩૪થી ૪૧)

## માર્ચ

- હ, ળ, ક્ષ અને જ્ઞની ઓળખ, વાંચન અને લેખન ● મહાવરો – ૫
- અભ્યાસ ૩ ● પુનરાવર્તન
- આગળના મૂળાક્ષરોનું સંપૂર્ણ પુનરાવર્તન
- મૂળાક્ષરથી શરૂ થતા અન્ય શબ્દો અને ચિત્રોનો પરિચય
- મૂળાક્ષરમાં રંગ પૂરો.
- સરખા મૂળાક્ષર જોડો.
- મૂળાક્ષરની નીચે લીટી દોરો.
- ચિત્રનાં નામ પરથી શરૂ થતાં મૂળાક્ષરને ચિત્ર સાથે જોડો.
- હરોળમાં જુદા મૂળાક્ષર પર ✕ કરો.
- ☐માં લખેલા મૂળાક્ષર જેવો મૂળાક્ષર શોધી તેના ફરતે ◯ કરો.
- આગળનો મૂળાક્ષર લખો.
- પાછળનો મૂળાક્ષર લખો.
- ખૂટતા મૂળાક્ષરો લખો.
- ઓળખો, જોડો અને લખો.
- મૂળાક્ષરને તેના જેવા મૂળાક્ષર સાથે જોડો.
- ચિત્ર જુઓ અને સાચા શબ્દ સાથે જોડો.

(નવનીત ગુજરાતી વર્ણ-પરિચય – ભાગ ૨ : પાન નં. ૪૨થી ૫૬)

## એપ્રિલ

- **પુનરાવર્તન**

# ૪. ગણિત

## જૂન

- સમાન – અલગ ● વધારે – ઓછું ● મોટું – નાનું ● જાડું – પાતળું
- ભરેલું – ખાલી ● લીટીઓ અને વળાંકો
- આંગળીઓની મદદથી ૧થી ૧૦ સળંગ બોલવા.
- ૧થી ૫ની ઓળખ, લેખન અને ગણતરી
- ચિત્ર ગણો અને સાચા અંક સાથે જોડો.
- ચિત્ર ગણો અને સાચા અંક ફરતે ○ કરો.
- ચિત્ર ગણો અને □ માં અંક લખો.
- સરખા અંક જોડો. ● દર્શાવેલા અંક પ્રમાણે △ દોરો.
- જૂથ બનાવો. ● સૂચના મુજબ વસ્તુમાં રંગ પૂરો.

(નવનીત અંકલેખન – ૧થી ૫૦ – ભાગ ૧ : પાન નં. ૩થી ૨૦)

## જુલાઈ

- ૧થી ૧૦ સળંગ બોલવા.
- '૦'(શૂન્ય)ની ઓળખ અને લેખન
- ૬થી ૧૦ની ઓળખ, લેખન અને ગણતરી
- ચિત્ર ગણો અને □ માં અંક લખો.
- સરખા અંક જોડો.
- અંકોને ચિત્રો સાથે જોડો.
- દર્શાવેલા અંક પ્રમાણે △ દોરો.
- ચિત્ર ગણો અને સાચા અંક સાથે જોડો.
- ખૂટતા અંક લખો. ● આકાર ગણો અને લખો.
- ચિત્ર ગણો અને સાચા અંક ફરતે ○ કરો.
- જૂથ બનાવો.

(નવનીત અંકલેખન – ૧થી ૫૦ – ભાગ ૧ : પાન નં. ૨૧થી ૩૫)

### ઑગસ્ટ

- ૧થી ૨૦ સળંગ બોલવા.
- ૧૧થી ૧૫ની ઓળખ, લેખન અને ગણતરી
- ચિત્ર ગણો અને □ માં લખો. • સરખા અંક જોડો.
- દર્શાવેલા અંક પ્રમાણે △ દોરો.
- ચિત્ર ગણો અને સાચા અંક સાથે જોડો.
- ચિત્ર ગણો અને સાચા અંક ફરતે ○ કરો. • પૅટર્ન આગળ વધારો.

(નવનીત અંકલેખન – ૧થી ૫૦ – ભાગ ૧ : પાન નં. ૩૬થી ૪૨)

### સપ્ટેમ્બર

- ૧થી ૨૦ સળંગ બોલવા.
- ૧૬થી ૨૦ની ઓળખ, લેખન અને ગણતરી
- પુનરાવર્તન
- ચિત્ર / મણકા ગણો અને □ માં અંક લખો.
- સરખા અંક જોડો.
- દર્શાવેલા અંક પ્રમાણે ○ દોરો. • ૧થી ૨૦ બોલો અને લખો.
- ચિત્ર / મણકા ગણો અને સાચા અંક સાથે જોડો.
- ખૂટતા અંક લખો. • અંક પ્રમાણે ○ દોરો.
- ચિત્ર ગણો અને સાચા અંક ફરતે ○ કરો.
- તરત પહેલાંની, તરત પછીની અને વચ્ચેની સંખ્યા લખો. (૧થી ૨૦)

(નવનીત અંકલેખન – ૧થી ૫૦ – ભાગ ૧ : પાન નં. ૪૩થી ૫૬)

### ઑક્ટોબર

- **પુનરાવર્તન**

### નવેમ્બર

- ૧થી ૩૦ સળંગ બોલવા.
- રંગ • આકાર • પૅટર્ન • ચાલો, યાદ કરીએ
- ૨૧થી ૨૬ની ઓળખ, લેખન અને ગણતરી
- ગણો અને સાચા અંક ફરતે ○ કરો.
- ગણો અને સાચા અંક સાથે જોડો. • ગણો અને અંક લખો.

- તરત પહેલાંની, તરત પછીની અને વચ્ચેની સંખ્યા લખો. (૧થી ૨૬)
  (નવનીત અંકલેખન – ૧થી ૫૦ – ભાગ ૨ : પાન નં. ૩થી ૧૮)

## ડિસેમ્બર

- ૧થી ૪૦ સળંગ બોલવા.
- ૨૭થી ૩૩ની ઓળખ, લેખન અને ગણતરી
- ૧થી ૩૩ બોલો અને લખો.
- ગણો અને સાચા અંક સાથે જોડો.
- ગણો અને સાચા અંક ફરતે ◯ કરો.
- મણકા ગણો અને અંક લખો.
- દર્શાવેલા અંક પ્રમાણે △ દોરો.
- ખૂટતા અંક લખો.
- તરત પહેલાંની, તરત પછીની અને વચ્ચેની સંખ્યા લખો. (૧થી ૩૩)
  (નવનીત અંકલેખન – ૧થી ૫૦ – ભાગ ૨ : પાન નં. ૧૯થી ૨૮)

## જાન્યુઆરી

- ૧થી ૪૦ સળંગ બોલવા.
- ૩૪થી ૪૦ની ઓળખ, લેખન અને ગણતરી
- ખૂટતા અંક લખો.
- ૧થી ૪૦ બોલો અને લખો.
- મણકા ગણો અને સાચા અંક સાથે જોડો.
- ગણો અને સાચા અંક ફરતે ◯ કરો.
- મણકા ગણો અને અંક લખો. • રંગ પૂરો.
- તરત પહેલાંની, તરત પછીની અને વચ્ચેની સંખ્યા લખો. (૧થી ૪૦)
  (નવનીત અંકલેખન – ૧થી ૫૦ – ભાગ ૨ : પાન નં. ૨૯થી ૩૮)

## ફેબ્રુઆરી

- ૧થી ૫૦ સળંગ બોલવા.
- ૪૧થી ૫૦ની ઓળખ, લેખન અને ગણતરી
- ખૂટતા અંક લખો.

- ૧થી ૫૦ બોલો અને લખો.
- મણકા ગણો અને સાચા અંક સાથે જોડો.
- ગણો અને સાચા અંક ફરતે ◯ કરો.
- મણકા ગણો અને અંક લખો.
- તરત પહેલાંની, તરત પછીની અને વચ્ચેની સંખ્યા લખો. (૧થી ૫૦)

(નવનીત અંકલેખન – ૧થી ૫૦ – ભાગ ૨ : પાન નં. ૩૯થી ૪૮)

**માર્ચ**

- ૧થી ૫૦ સળંગ બોલવા.
- પુનરાવર્તન
- ૧થી ૫૦નું સંપૂર્ણ પુનરાવર્તન
- ૧થી ૫૦ બોલો અને લખો.
- ખૂટતા અંક લખો.
- ◯માં આપેલ અંક જેવા અંક શોધી જોડો.
- મણકા ગણો અને સાચા અંક સાથે જોડો.
- ગણો અને સાચા અંક ફરતે ◯ કરો.
- મણકા ગણો અને અંક લખો.
- તરત પહેલાંની, તરત પછીની અને વચ્ચેની સંખ્યા લખો. (૧થી ૫૦)
- ક્રમ પ્રમાણે ટપકાં જોડો અને ચિત્રમાં રંગ પૂરો.

(નવનીત અંકલેખન – ૧થી ૫૦ – ભાગ ૨ : પાન નં. ૪૯થી ૫૬)

**એપ્રિલ**

- **પુનરાવર્તન**

# ૫. સામાન્ય જ્ઞાન

**જૂન**

**૧. આપણું શરીર**

- શરીરનાં જુદાં જુદાં અંગો વિશે વાતચીત કરવી.
- શરીરની પાંચ જ્ઞાનેન્દ્રિયોનાં કાર્યો વિશે વાતચીત કરવી.
- આપણું શરીર સાફ રાખવું જોઈએ. કઈ વસ્તુથી કયું અંગ સાફ થાય તેની વાતચીત કરવી.

**૨. રંગો**

- કાળો, નારંગી, પીળો, લાલ, જાંબુડિયો, વાદળી, સફેદ, ગુલાબી, લીલો અને કથ્થાઈ રંગોની સમજ આપવી. ઉદાહરણ : કાગડો – કાળો
- વર્ગની વસ્તુઓના જુદા જુદા રંગ વિશે વાતચીત કરવી.

**૩. ઉપયોગી પ્રાણીઓ**

- પાલતુ પ્રાણીઓનાં નામ, અંગો, ખોરાક, ઉપયોગ, અવાજ, બચ્ચાં વગેરે વિશે ચર્ચા કરવી. તેમનાં રહેઠાણ વિશે વાતચીત કરવી.

(નવનીત સામાન્ય જ્ઞાન : પાન નં. ૪થી ૬)

**જુલાઈ**

*** પ્રવૃત્તિઓ : ૧**

**૪. જંગલી પ્રાણીઓ**

- જંગલી પ્રાણીઓનાં નામ, અંગો, ખોરાક વિશે વાતચીત કરવી.

**૫. જળચર પ્રાણીઓ અને જંતુઓ**

- જળચર પ્રાણીઓનાં અને જંતુઓનાં નામ તથા સામાન્ય પરિચય અંગે વાતચીત કરવી.

**૬. પ્રાણીઓનાં રહેઠાણ**

- પ્રાણીઓનાં નામ અને તેમનાં રહેઠાણની સમજ આપવી.

*** પ્રવૃત્તિઓ : ૨**

(નવનીત સામાન્ય જ્ઞાન : પાન નં. ૭થી ૨૦)

## ઑગસ્ટ

### ૭. ચોમાસું

- કયા મહિનામાં આવે? વાતાવરણમાં શો ફેરફાર થાય?
- શું શું કાળજી રાખવી જોઈએ? કઈ કઈ વસ્તુઓનો ઉપયોગ કરવો જોઈએ? શું શું ખાઈએ છીએ?
- કયા કયા તહેવાર આવે? વિશે ચર્ચા કરવી.

### ૮. પંખીઓ

- પંખીઓનાં નામ, અંગો, ખોરાક, અવાજ વિશે વાતચીત કરવી.

### ૯. ફળો

- ફળોનાં નામ, સ્વાદ, રંગ, બીજ, વિશેષતાઓ વગેરે વિશે વાતચીત કરવી.

*** પ્રવૃત્તિઓ : ૩**

(નવનીત સામાન્ય જ્ઞાન : પાન નં. ૨૧થી ૨૭)

## સપ્ટેમ્બર

### ૧૦. શાકભાજી

- શાકભાજીનાં નામ, સ્વાદ, રંગ, વિશેષતાઓ વગેરે વિશે વાતચીત કરવી.

### ૧૧. આકારો

- ગોળ, ચોરસ, ત્રિકોણ, લંબચોરસ, લંબગોળ આકારોની સમજ આપવી. ઉદાહરણ : ટીવી – લંબચોરસ
- આપણી આસપાસની વસ્તુઓ કેવા કેવા આકારની છે તેની ચર્ચા કરવી.

### ૧૨. ફૂલો

- ફૂલોનાં નામ, રંગ, ઉપયોગ, ખાસિયતો વગેરે વિશે વાતચીત કરવી.

*** પ્રવૃત્તિઓ : ૪**

*** પુનરાવર્તન ૧**

(નવનીત સામાન્ય જ્ઞાન : પાન નં. ૨૮થી ૩૭)

## ઑક્ટોબર

- **પુનરાવર્તન**

## નવેમ્બર

### ૧૩. વાહનો

- વિવિધ ભાગો, ઉપયોગ, શેનાથી ચાલે? વગેરે વિશે ચર્ચા કરવી.
- જમીન પર ચાલતાં, પાણીમાં ચાલતાં, આકાશમાં ઊડતાં, પ્રાણીઓથી ચાલતાં વાહનો વિશે વાતચીત કરવી.

### ૧૪. સારી ટેવો

- સારી ટેવોનું મહત્ત્વ સમજાવી તેની ચર્ચા કરવી.

### ૧૫. સમાજસેવકો

- નર્સ, ડૉક્ટર, ખેડૂત, કુંભાર, પોલીસ, શિક્ષિકા (શિક્ષક), દરજી, ટપાલી, કાછિયો, ડ્રાઈવર, માળી, સુથાર, વાળંદ, કડિયો વગેરેનાં નામ અને તેમને ઉપયોગી સાધનોની વાતચીત કરવી.

(નવનીત સામાન્ય જ્ઞાન : પાન નં. ૩૮થી ૪૦)

## ડિસેમ્બર

*** પ્રવૃત્તિઓ : ૫**

### ૧૬. પોશાક

- છોકરાઓ અને છોકરીઓ – કોણ કેવો પોશાક પહેરે? તેની ચર્ચા કરવી.

### ૧૭. શિયાળો

- કયા મહિનામાં આવે? વાતાવરણમાં શો ફેરફાર થાય?
- શું શું કાળજી રાખવી જોઈએ? કઈ કઈ વસ્તુઓનો ઉપયોગ કરવો જોઈએ? શું શું ખાઈએ છીએ? કયા કયા તહેવાર આવે? વિશે ચર્ચા કરવી.

(નવનીત સામાન્ય જ્ઞાન : પાન નં. ૪૧થી ૪૮)

## જાન્યુઆરી

### ૧૮. શાળા

- વર્ગમાં કઈ કઈ વસ્તુઓ છે? તેની ચર્ચા કરવી.
- શાળામાં ઉપયોગમાં આવતી વસ્તુઓ વિશે વાતચીત કરવી.

### ૧૯. વીજળીથી ચાલતાં સાધનો

- વીજળીથી ચાલતાં સાધનો વિશે ચર્ચા કરવી.

* **પ્રવૃત્તિઓ : ૬**

(નવનીત સામાન્ય જ્ઞાન : પાન નં. ૪૯થી ૫૪)

**ફેબ્રુઆરી**

**૨૦. બેઠકરૂમની વસ્તુઓ**

- બેઠકરૂમની વસ્તુઓ વિશે ચર્ચા કરવી.

**૨૧. રસોડાની વસ્તુઓ**

- રસોડાની વસ્તુઓ, માટીનાં વાસણો અને પૂજાનાં વાસણો વિશે ચર્ચા કરવી.

**૨૨. સૂવાના રૂમની વસ્તુઓ**

- સૂવાના રૂમની વસ્તુઓ વિશે ચર્ચા કરવી.

* **પ્રવૃત્તિઓ : ૭**

**૨૩. બાથરૂમની વસ્તુઓ**

- બાથરૂમની વસ્તુઓ વિશે ચર્ચા કરવી.

(નવનીત સામાન્ય જ્ઞાન : પાન નં. ૫૫થી ૬૧)

**માર્ચ**

**૨૪. સલામતી**

- શું ન કરાય? તે અંગે ચર્ચા કરવી.

**૨૫. ઉનાળો**

- કયા મહિનામાં આવે? વાતાવરણમાં શો ફેરફાર થાય? શું શું કાળજી રાખવી જોઈએ? કઈ કઈ વસ્તુઓનો ઉપયોગ કરવો જોઈએ? શું શું ખાઈએ છીએ? કયા કયા તહેવાર આવે? વિશે ચર્ચા કરવી.

**૨૬. કાર્ટૂનપાત્રો**

- કાર્ટૂનપાત્રો વિશે ચર્ચા કરવી.

* **પ્રવૃત્તિઓ : ૮**
* **પુનરાવર્તન ૨**

(નવનીત સામાન્ય જ્ઞાન : પાન નં. ૬૨થી ૭૨)

**એપ્રિલ**

- **પુનરાવર્તન**

# ૬. અંગ્રેજી

## જૂન

- Good morning, Good afternoon, Good evening, Good night, Thank you, Sorry, Please વગેરે શબ્દોનો મૌખિક ઉપયોગ શીખવવો.
- Aથી L બોલો. • 1થી 10 બોલો. • The Alphabet (વર્ણમાળા)
- Patterns (પૅટર્ન) • Aથી Cની ઓળખ, વાંચન અને લેખન
- 1 અને 2ની ઓળખ, વાંચન અને લેખન • Activities (પ્રવૃત્તિઓ)

  [Navneet Alphabet (Capital Letters) & Numbers (1 to 20) – Part 1 : પાન નં. 2થી 17]

## જુલાઈ

- Aથી L બોલો. • 1થી 10 બોલો.
- Dથી Fની ઓળખ, વાંચન અને લેખન
- 3થી 6ની ઓળખ, વાંચન અને લેખન
- સરખા મૂળાક્ષરો / નંબર (અંક) જોડો.
- ☐માં આપેલ મૂળાક્ષર / નંબર (અંક) શોધો અને તેના ફરતે ◯ કરો.
- હરોળમાં જુદા મૂળાક્ષર / નંબર (અંક) પર ✕ કરો.
- ચિત્ર ઓળખી તેના પહેલા મૂળાક્ષર સાથે જોડો.
- હરોળમાં સાચા મૂળાક્ષર ફરતે ◯ કરો.
- આપેલ મૂળાક્ષરથી શરૂ થતાં ચિત્રો ફરતે ◯ કરો.
- ક્રમમાં મૂળાક્ષર / નંબર (અંક) લખો.
- સરખા શબ્દો જોડો. • રંગ પૂરો.
- આપેલ મૂળાક્ષરથી શરૂ થતા ચિત્ર પાસેના ◯માં રંગ પૂરો.
- ચિત્ર ઓળખી ☐માં તેનો પહેલો મૂળાક્ષર લખો.
- ગણો અને સાચા નંબર (અંક) ફરતે ◯ કરો.
- દરેક સેટ (ચિત્રો) તેના નંબર (અંક) સાથે જોડો.
- ગણો અને ☐માં લખો. • Activities (પ્રવૃત્તિઓ)

  [Navneet Alphabet (Capital Letters) & Numbers (1 to 20) – Part 1 : પાન નં. 18થી 29]

## ઑગસ્ટ

- Aથી L બોલો. • 1થી 10 બોલો.
- Gથી Iની ઓળખ, વાંચન અને લેખન
- 7 અને 8ની ઓળખ, વાંચન અને લેખન
- સરખા મૂળાક્ષરો / નંબર (અંક) જોડો.
- ☐માં આપેલ મૂળાક્ષર / નંબર (અંક) શોધો અને તેના ફરતે ◯ કરો.
- હરોળમાં જુદા મૂળાક્ષર / નંબર (અંક) પર ✕ કરો.
- ચિત્ર ઓળખી તેના પહેલા મૂળાક્ષર સાથે જોડો.
- હરોળમાં સાચા મૂળાક્ષર ફરતે ◯ કરો.
- આપેલ મૂળાક્ષરથી શરૂ થતાં ચિત્રો ફરતે ◯ કરો.
- ક્રમમાં મૂળાક્ષર / નંબર (અંક) લખો.
- સરખા શબ્દો જોડો. • ખૂટતા મૂળાક્ષર / નંબર (અંક) લખો.
- આપેલ મૂળાક્ષરથી શરૂ થતા ચિત્ર પાસેના ◯માં રંગ પૂરો.
- ચિત્ર ઓળખી ☐માં તેનો પહેલો મૂળાક્ષર લખો.
- ગણો અને સાચા નંબર (અંક) ફરતે ◯ કરો.
- દરેક સેટ (ચિત્રો) તેના નંબર (અંક) સાથે જોડો.
- ગણો અને ☐માં લખો. • Activities (પ્રવૃત્તિઓ)

[Navneet Alphabet (Capital Letters) & Numbers (1 to 20) – Part 1 : પાન નં. 30થી 39]

## સપ્ટેમ્બર

- Aથી L બોલો. • 1થી 10 બોલો.
- Jથી Lની ઓળખ, વાંચન અને લેખન
- 9 અને 10ની ઓળખ, વાંચન અને લેખન • Activities (પ્રવૃત્તિઓ)
- Practice (મહાવરો)
- REVISION (પુનરાવર્તન)

[Navneet Alphabet (Capital Letters) & Numbers (1 to 20) – Part 1 : પાન નં. 40થી 56]

## ઑક્ટોબર

- **પુનરાવર્તન**

## નવેમ્બર

- Aથી Z બોલો. • 1થી 20 બોલો.
- Let's Revise (ચાલો, યાદ કરી લઈએ)
- Mથી Oની ઓળખ, વાંચન અને લેખન
- 11 અને 12ની ઓળખ, વાંચન અને લેખન
- સરખા મૂળાક્ષરો / નંબર (અંક) જોડો.
- ☐માં આપેલ મૂળાક્ષર / નંબર (અંક) શોધો અને તેના ફરતે ◯ કરો.
- હરોળમાં જુદા મૂળાક્ષર / નંબર (અંક) પર ✕ કરો.
- ચિત્ર ઓળખી તેના પહેલા મૂળાક્ષર સાથે જોડો.
- હરોળમાં સાચા મૂળાક્ષર ફરતે ◯ કરો.
- આપેલ મૂળાક્ષરથી શરૂ થતાં ચિત્રો ફરતે ◯ કરો.
- ક્રમમાં મૂળાક્ષર / નંબર (અંક) લખો.
- સરખા શબ્દો જોડો.
- આપેલ મૂળાક્ષરથી શરૂ થતા ચિત્ર પાસેના ◯માં રંગ પૂરો.
- ચિત્ર ઓળખી ☐માં તેનો પહેલો મૂળાક્ષર લખો.
- ગણો અને સાચા નંબર (અંક) ફરતે ◯ કરો.
- દરેક સેટ (ચિત્રો) તેના નંબર (અંક) સાથે જોડો.
- ગણો અને ☐માં લખો. • Activities (પ્રવૃત્તિઓ)

[Navneet Alphabet (Capital Letters) & Numbers (1 to 20) – Part 2 : પાન નં. 2થી 11]

## ડિસેમ્બર

- Aથી Z બોલો. • 1થી 20 બોલો.
- Pથી Rની ઓળખ, વાંચન અને લેખન
- 13 અને 14ની ઓળખ, વાંચન અને લેખન
- સરખા મૂળાક્ષરો / નંબર (અંક) જોડો.
- ☐માં આપેલ મૂળાક્ષર / નંબર (અંક) શોધો અને તેના ફરતે ◯ કરો.
- હરોળમાં જુદા મૂળાક્ષર / નંબર (અંક) પર ✕ કરો.
- ચિત્ર ઓળખી તેના પહેલા મૂળાક્ષર સાથે જોડો.

- હરોળમાં સાચા મૂળાક્ષર ફરતે ◯ કરો.
- આપેલ મૂળાક્ષરથી શરૂ થતાં ચિત્રો ફરતે ◯ કરો.
- ક્રમમાં મૂળાક્ષર / નંબર (અંક) લખો.
- સરખા શબ્દો જોડો.
- આપેલ મૂળાક્ષરથી શરૂ થતા ચિત્ર પાસેના ◯માં રંગ પૂરો.
- ચિત્ર ઓળખી ☐માં તેનો પહેલો મૂળાક્ષર લખો.
- ગણો અને સાચા નંબર (અંક) ફરતે ◯ કરો.
- દરેક સેટ (ચિત્રો) તેના નંબર (અંક) સાથે જોડો.
- ગણો અને ☐માં લખો. • Activities (પ્રવૃત્તિઓ)

[Navneet Alphabet (Capital Letters) & Numbers (1 to 20) – Part 2 : પાન નં. 12થી 19]

**જાન્યુઆરી**

- Aથી Z બોલો.
- 1થી 20 બોલો.
- Sથી Uની ઓળખ, વાંચન અને લેખન
- 15 અને 16ની ઓળખ, વાંચન અને લેખન
- સરખા મૂળાક્ષરો / નંબર (અંક) જોડો.
- ☐માં આપેલ મૂળાક્ષર / નંબર (અંક) શોધો અને તેના ફરતે ◯ કરો.
- હરોળમાં જુદા મૂળાક્ષર / નંબર (અંક) પર ✕ કરો.
- ચિત્ર ઓળખી તેના પહેલા મૂળાક્ષર સાથે જોડો.
- હરોળમાં સાચા મૂળાક્ષર ફરતે ◯ કરો.
- આપેલ મૂળાક્ષરથી શરૂ થતાં ચિત્રો ફરતે ◯ કરો.
- ક્રમમાં મૂળાક્ષર / નંબર (અંક) લખો.
- સરખા શબ્દો જોડો. • રંગ પૂરો.
- આપેલ મૂળાક્ષરથી શરૂ થતા ચિત્ર પાસેના ◯માં રંગ પૂરો.
- ચિત્ર ઓળખી ☐માં તેનો પહેલો મૂળાક્ષર લખો.
- ગણો અને સાચા નંબર (અંક) ફરતે ◯ કરો.
- દરેક સેટ (ચિત્રો) તેના નંબર (અંક) સાથે જોડો.

- ગણો અને ☐માં લખો. • Activities (પ્રવૃત્તિઓ)

[Navneet Alphabet (Capital Letters) & Numbers (1 to 20) – Part 2 : પાન નં. 20થી 27]

## ફેબ્રુઆરી

- Aથી Z બોલો.
- 1થી 20 બોલો.
- Vથી Xની ઓળખ, વાંચન અને લેખન
- 17 અને 18ની ઓળખ, વાંચન અને લેખન
- સરખા મૂળાક્ષરો / નંબર (અંક) જોડો.
- ☐માં આપેલ મૂળાક્ષર / નંબર (અંક) શોધો અને તેના ફરતે ◯ કરો.
- હરોળમાં જુદા મૂળાક્ષર / નંબર (અંક) પર ✕ કરો.
- ચિત્ર ઓળખી તેના પહેલા મૂળાક્ષર સાથે જોડો.
- હરોળમાં સાચા મૂળાક્ષર ફરતે ◯ કરો.
- આપેલ મૂળાક્ષરથી શરૂ થતાં ચિત્રો ફરતે ◯ કરો.
- ક્રમમાં મૂળાક્ષર / નંબર (અંક) લખો.
- સરખા શબ્દો જોડો. • ખૂટતા મૂળાક્ષર / નંબર (અંક) લખો.
- આપેલ મૂળાક્ષરથી શરૂ થતા ચિત્ર પાસેના ◯માં રંગ પૂરો.
- ચિત્ર ઓળખી ☐માં તેનો પહેલો મૂળાક્ષર લખો.
- ગણો અને સાચા નંબર (અંક) ફરતે ◯ કરો.
- દરેક સેટ (ચિત્રો) તેના નંબર (અંક) સાથે જોડો.
- ગણો અને ☐માં લખો. • Activities (પ્રવૃત્તિઓ)

[Navneet Alphabet (Capital Letters) & Numbers (1 to 20) – Part 2 : પાન નં. 28થી 35]

## માર્ચ

- Aથી Z બોલો.
- 1થી 20 બોલો.
- Y અને Zની ઓળખ, વાંચન અને લેખન
- 19 અને 20ની ઓળખ, વાંચન અને લેખન
- Aથી Z અને 1થી 20નું સંપૂર્ણ પુનરાવર્તન • Activities (પ્રવૃત્તિઓ)
- Practice (મહાવરો)
- REVISION (પુનરાવર્તન) • Fun (ગમ્મત)

[Navneet Alphabet (Capital Letters) & Numbers (1 to 20) – Part 2 : પાન નં. 36થી 56]

## એપ્રિલ



- **પુનરાવર્તન**

# ૭. ચિત્રકલા

## જૂન

- ચૉકથી જમીન ઉપર, ક્રેયોનથી છાપા ઉપર મુક્ત ચિત્રકામ કરવા આપવું.
- આકારોની રચના અને ઓળખ
- નાનાં રંગીન ગોળ મીંડાં કરો. • નાની આડી રેખાઓ દોરો.
  (નવનીત કેતન ચિત્રકલા : પાન નં. ૨ અને ૩)


## જુલાઈ

- | | | ઊભી લીટી દોરવી. •  આડી લીટી દોરવી.
-  દોરવું. •  દોરવું.

(**નોંધ :** આ બધી જ પૅટર્ન કાગળ ઉપર, જમીન ઉપર, ખાનાવાળી નોટમાં પેન્સિલથી, ક્રેયોનથી કરાવવી.)

- નાનાં ગોળ મીંડાં કરો. • નાની ઊભી રેખાઓ દોરો.
- આડી-ઊભી રેખાઓ દોરો. • આપેલા ચિત્રમાં રંગ પૂરો.
- ટપકાંની ફરતે ગોળ મીંડાં કરો. • મીંડાં દોરી તેમાં ટપકાં દોરો.
  (નવનીત કેતન ચિત્રકલા : પાન નં. ૪થી ૮)



## ઑગસ્ટ

-  અર્ધગોળ દોરવું. •  ગોળ દોરવું. • ✓ કરવું. • ✗ કરવી.
-  દોરવું. •  દોરવું. •  દોરવું.

(**નોંધ :** આ બધી જ પૅટર્ન કાગળ ઉપર, જમીન ઉપર, ખાનાવાળી નોટમાં પેન્સિલથી, ક્રેયોનથી કરાવવી.)

- ટપકાં પર આડી-ત્રાંસી રેખાઓ દોરો. • ટપકાંની ફરતે ગોળ મીંડાં દોરો.
- આપેલા ચિત્રમાં રંગ પૂરો. (નવનીત કેતન ચિત્રકલા : પાન નં. ૯થી ૧૩)

## સપ્ટેમ્બર

- સૂરજ  • બૉલ 
-  ટપકાં જોડો.


(**નોંધ :** આ પ્રમાણે ચિત્ર દોરતાં શીખવી રંગ પૂરતાં શીખવવું.)

- આપેલા ચિત્રમાં રંગ પૂરો.
  (નવનીત કેતન ચિત્રકલા : પાન નં. ૧૪થી ૧૮)

**ઑક્ટોબર**

- **પુનરાવર્તન**


**નવેમ્બર**

- ફુગ્ગો  • નદી 

(**નોંધ :** આ પ્રમાણે ચિત્ર દોરતાં શીખવી રંગ પૂરતાં શીખવવું.)

- આપેલા ચિત્રમાં રંગ પૂરો.
  (નવનીત કેતન ચિત્રકલા : પાન નં. ૧૯થી ૨૧)

**ડિસેમ્બર**

- હોડી  • માછલી 

(**નોંધ :** આ પ્રમાણે ચિત્ર દોરતાં શીખવી રંગ પૂરતાં શીખવવું.)

- આપેલા ચિત્રમાં રંગ પૂરો.
  (નવનીત કેતન ચિત્રકલા : પાન નં. ૨૨થી ૨૬)



**જાન્યુઆરી**

- ઘાસ  • ઝાડ 

(**નોંધ :** આ પ્રમાણે ચિત્ર દોરતાં શીખવી રંગ પૂરતાં શીખવવું.)

- આપેલા ચિત્રમાં રંગ પૂરો.
  (નવનીત કેતન ચિત્રકલા : પાન નં. ૨૭થી ૩૧)



**ફેબ્રુઆરી**

- મંદિર 
- ઘર 

(**નોંધ :** આ પ્રમાણે ચિત્ર દોરતાં શીખવી રંગ પૂરતાં શીખવવું.)

- આપેલા ચિત્રમાં રંગ પૂરો. • ચિત્ર પૂર્ણ કરી તેમાં રંગ પૂરો.
  (નવનીત કેતન ચિત્રકલા : પાન નં. ૩૨થી ૩૭)

**માર્ચ**

- ચકલી  • સસલું 

(**નોંધ :** આ પ્રમાણે ચિત્ર દોરતાં શીખવી રંગ પૂરતાં શીખવવું.)

- ચિત્ર પૂર્ણ કરી તેમાં રંગ પૂરો.
  (નવનીત કેતન ચિત્રકલા : પાન નં. ૩૮થી ૪૦)

**એપ્રિલ**

- **પુનરાવર્તન**

# ૮. રચનાત્મક પ્રવૃત્તિઓ

## જૂન અને જુલાઈ

- પંજાની છાપ
- મૂઠીની છાપ
- અંગૂઠાની છાપ
- આંગળી રંગમાં બોળી જુદી જુદી ડિઝાઈન દોરવી.

## ઑગસ્ટ

- બટાકા, ભીંડા, કારેલાં, ડુંગળીની છાપ પાડવી.
- રાખડી ચોંટાડવી.
- રાષ્ટ્રધ્વજ ચોંટાડવો.

## સપ્ટેમ્બર

- સ્પંજની છાપ પાડવી.
- રૂમાલની ઘડી કરવી.
- રોલિંગ (પેન્સિલ પર દોરી વીંટી રંગવાળી કરી રોલિંગ કરાવવું.)
- દિવાળી કાર્ડ ચોંટાડવું.

## ઑક્ટોબર

- **પુનરાવર્તન**

## નવેમ્બર

- કાગળ નીચે ચંપાનું પાન મૂકી ક્રેયૉન આડો ઘસવો.
- કવર બનાવવું.

## ડિસેમ્બર

- ક્રિસમસ ટ્રી ચોંટાડવું. (ત્રણ ત્રિકોણ)
- મીણકામ (સફેદ ક્રેયૉનથી ચિત્ર દોરાવી રંગીન વૉશ આપવો.)
- સાંતાક્લોઝ ચોંટાડવો. (રૂથી)

**જાન્યુઆરી**

- પતંગ
- બિંદી ચોંટાડવી.
- કાગળની ગોળી બનાવી ચોંટાડવી.

**ફેબ્રુઆરી**

- આઈસક્રીમ સ્ટિક ચોંટાડવી.
- રેતીકામ
- બ્લૉક પ્રિંટિંગ (લાકડાના ટુકડા પર સૂતળી વીંટાળીને)

**માર્ચ**

- પંખો, હોડી, ફરકડી બનાવવી.

**એપ્રિલ**

- **પુનરાવર્તન**

# ૯. બાળગીતો અને જોડકણાં

**જૂન**

**૧. પ્રાર્થના :**
(નવનીત બાળગીતો અને જોડકણાં : પાન નં. ૩થી ૫)

**જુલાઈ**

**૨. જોડકણાં :**
(નવનીત બાળગીતો અને જોડકણાં : પાન નં. ૬થી ૯)

**ઑગસ્ટ**

**૩. બાળગીતો :**
૧. ધોળું ધોળું સસલું
૨. દાદાનો ડંગોરો લીધો
૩. આવો પારેવાં, આવો ને ચકલાં
૪. નાનાં નાનાં છોકરાં

**૪. બાળવાર્તાઓ :** ૧. તરસ્યો કાગડો

**૫. રાયમ્સ :**
૧. યુ શૅલ હૅવ ઍન ઍપલ
(નવનીત બાળગીતો અને જોડકણાં : પાન નં. ૧૦થી ૧૨, ૩૦, ૩૭)

**સપ્ટેમ્બર**

**૩. બાળગીતો :**
૫. ચકીબહેન ! ચકીબહેન !
૬. અમે ગોળ ગોળ રે ફરીએ
૭. સાઈકલ મારી
૮. લાયબંબો આવ્યો
૯. મીઠું મીઠું બોલો

**૪. બાળવાર્તાઓ :**
૨. લોભી કૂતરો

**૫. રાયમ્સ :** ૨. રેન, રેન, કમ સૂન

**૬. પ્રવૃત્તિઓ :**
૧. ટોપીવાળો ફેરિયો
૨. સામાન્ય જ્ઞાન – પ્રશ્નોત્તર
૩. કુટુંબ પરિચય
૪. રંગ પૂરો.
(નવનીત બાળગીતો અને જોડકણાં : પાન નં. ૧૩થી ૧૬, ૩૧, ૩૭, ૪૧થી ૪૪)

**ઑક્ટોબર**

- **પુનરાવર્તન**

## નવેમ્બર

**૩. બાળગીતો :**

૧૦. પાટા ઉપર ગાડી દોડે, દોટો કાઢી ૧૧. મારો છે મોર

૧૨. નાની બંદૂક ૧૩. મારા ઘરમાં

**૪. બાળવાર્તાઓ :**

૩. ગાયો અને વાઘ

**૫. રાયમ્સ :**

૩. મમ્મી ઍન્ડ ડૅડિ, આઈ લવ યુ

(નવનીત બાળગીતો અને જોડકણાં : પાન નં. ૧૭થી ૧૯, ૩૨, ૩૮)

## ડિસેમ્બર

**૩. બાળગીતો :**

૧૪. પંખી બની ઊડી જઈએ ૧૫. એક કહીને ઊભાં થાઓ

૧૬. મેઘરાજા ૧૭. વાંદરાં

**૪. બાળવાર્તાઓ :**

૪. મૂર્ખ સિંહ

**૫. રાયમ્સ :**

૪. પુસિ-કૅટ, પુસિ-કૅટ

(નવનીત બાળગીતો અને જોડકણાં : પાન નં. ૨૦, ૨૧, ૩૩, ૩૮)

## જાન્યુઆરી

**૩. બાળગીતો :**

૧૮. ટેલિફોન ૧૯. ખિસકોલી ૨૦. ગાય

૨૧. નાનાં નાનાં બાલુડાંની નાની નાની ફોજ ૨૨. શિયાળો

**૪. બાળવાર્તાઓ :**

૫. ઘેટાના વેશમાં વરુ

**૫. રાયમ્સ :**

૫. જૉહ્‌ની, જૉહ્‌ની

૬. ટ્વિંકલ, ટ્વિંકલ, લિટલ્ સ્ટાર

(નવનીત બાળગીતો અને જોડકણાં : પાન નં. ૨૨થી ૨૪, ૩૪, ૩૯)

## ફેબ્રુઆરી

**૩. બાળગીતો :**

૨૩. ફુગ્ગાવાળો આવ્યો ભૈ, ફુગ્ગાવાળો આવ્યો
૨૪. નાના અમથા વાંદરાભાઈ
૨૫. ઓ ચકલી ! આવીને ઊડી ના જઈશ
૨૬. રંગબેરંગી રમકડાંની ગાડી આવી રે

**૪. બાળવાર્તાઓ :**

૬. તીતીઘોડો અને કીડી

**૫. રાયમ્સ :**

૭. જૅક ઍન્ડ જિલ

(નવનીત બાળગીતો અને જોડકણાં : પાન નં. ૨૫થી ૨૭, ૩૫, ૪૦)

## માર્ચ

**૩. બાળગીતો :**

૨૭. શીંગોડાં ૨૮. શાકવાળી ૨૯. અમે ફેરફુદરડી ફરતાં'તાં

**૪. બાળવાર્તાઓ :**

૭. બે ઘડા

**૫. રાયમ્સ :**

૮. આર યુ સ્લિપિંગ ?

**૬. પ્રવૃત્તિઓ :**

૫. રંગ પૂરો.
૬. રંગ પૂરો.
૭. વાર અને મહિના
૮. ચિત્રને તેના તહેવાર સાથે જોડો.

(નવનીત બાળગીતો અને જોડકણાં : પાન નં. ૨૮, ૨૯, ૩૬, ૪૦, ૪૫થી ૪૮)

## એપ્રિલ

- **પુનરાવર્તન**

**Published by** Navneet Education Limited, Dantali, Gujarat.
**Printed by** Navneet Education Limited, Dantali, Gujarat. **CC**

**NOTES**